**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૬ ડીગ્રી
લઘુતમ : ૨૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૭૧ ટકા

# શહેરમાં આજકાલ રખડતાં ઢોરથી ભારે હાલાકી

ગાંધીનગર, તા.૨૮

શહેરમાં વરસાદ ન હોવાને લીધે નગરજનો ચિંતિત છે સાથે સાથે રખડતા પશુઓને તેમને ખાવા માટે પૂરતો ઘાસચારો મળી રહેતો નથી અને તેઓ ગમે ત્યાં ઘાસચારાની શોધમાં નીકળી પડે છે અને શહેરીજનોને રસ્તા ઉપર નડે છે આ ઉપરાંત ઘરની આજુબાજુ ઉગાડેલા વૃક્ષ અને છોડને ગમે તેમ તોડીને ખાતી જાય છે. જેના લીધે શહેરીજનો હેરાન પરેશાન છે.

શહેરમાં આવતા જતા દરેક સેકટરો અને બહારના સર્કલ સાથે રસ્તા ઉપર ગાયોનો જમાવડો જોવા મળી રહ્યો છે. વરસાદ પૂરતો નથી. ગાયોને ચરવા માટે પૂરતું ઘાસ નથી ત્યારે તે રહીશોના ઘરમાં ઉગાડેલા વૃક્ષો અને છોડ ખાઈ રહી છે.

આમ તો, રખડતાં ઢોરનો પ્રશ્ન શહેરમાં શરૂઆતથી જ છે. એક બાજુ શહેરને સ્માર્ટસીટીનો દરજ્જો મળી રહ્યો છે અને બીજી બાજુ રખડતાં ઢોરને નતો ઘાસચારો મળી રહ્યો છે પણ ઉપરથી તેઓ રસ્તા ઉપર ગંદકી કરી રહ્યા છે અને શહેરીજનોને રસ્તામાં નડી રહ્યા છે અમુક તો રસ્તાની વચ્ચે બેસી જાય છે અને ટ્રાફિકની સમસ્યા ઉદભવે છે. સમયાંતરે તંત્ર દ્વારા નાટકીય ઝુંબેશ કરી ઢોરને પકડવામાં આવે છે પરંતુ કોઈ નકકર પગલાં લેવાતા નથી. ગાયો ચારાની શોધમાં નગરજનોના ઘરની આસપાસ ઉગાડેલા છોડ અને વૃક્ષને તોડીને જ ખાવાનો પ્રયત્ન કરતી રહે છે. કાંતો તે ભૂખી એંઠવાડની શોધમાં રહે છે આ બાબતે ઢોરને યોગ્ય ઘાસચારો મળી રહે અને નાગરિકોને પણ તેમને લીધે મુશ્કેલી ન ભોગવવી પડે તે અંગે કોર્પોરેશન દ્વારા કોઈ પગલાં લેવાય તેવી માંગ ઉઠવા પામી છે.



# અબોલ પશુની મદદમાં સરકારી તંત્ર નિષ્ફળ

## શહેરના સે-૧૯ પાસે વાનરને ટકકર વાગતા સરકારની કરૂણ એમ્બ્યુલન્સ આવી તો ખરા પણ ડૉકટર દ્વારા તેને હોસ્પિટલ ન લઈ જવાયો

ગાંધીનગર, તા.૨૮

શહેરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા અબોલ પશુ પક્ષીઓની મદદ અર્થે નિઃસ્વાર્થ કામગીરી થઈ રહી છે અને સરકાર દ્વારા પણ વિવિધ હેલ્પલાઈન ચલાવવામાં આવી રહી છે પરંતુ આજે સે-૧૯ પાસે એક વાનરને કોઈ અજાણ્યા દ્વારા ટકકર લગાવી દેતા તેની મદદ અર્થે સરકારની કરૂણા એનીમલ એમ્બ્યુલન્સ આવી તો ખરા પરંતુ તેમાં આવેલ ડૉકટર દ્વારા વાનરને સારવાર અર્થે લઈ જવામાં આવ્યો નથી તે અંગે શહેરીજનો દ્વારા સરકાર સામે પ્રશ્નો ઉઠી રહ્યા છે.

શહેરના છ-૪ અને છ-૫ સર્કલ વચ્ચે સે-૧૯ પાસે વહેલી વસારે કોઈ અજાણ્યા વાહનચાલક દ્વારા વાનરને ટકકર મારવામાં આવી હતી અને તેની મદદ ન કરતા તેઓ ત્યાંથી ફરાર થઈ ગયા હતા. વાનરની પરિસ્થિતિ જોઈ આજુબાજુના રહીશો તેની મદદ અર્થે આવ્યા હતા અને સરકાર દ્વારા ચાલતી કરૂણા એનિમલ એમ્બ્યુલન્સને મદદ અર્થે બોલાવવામાં આવી હતી. સાથે આવેલા ડોકટરે તપાસ કરતા જણાવ્યું હતું કે વાનરને આગળના પગમાં ફ્રેકચર થયું અને તેને પ્રાથમિક સારવાર અર્થે એક ઈન્જેકશન આપ્યું હતું. વાનરની આ હાલત જોતા આસપાસના રહીશો અને જીવદયા પ્રેમીઓ દ્વારા વાનરને એમ્બ્યુલન્સમાં પશુ દવાખાને લઈ જવા વિનંતી કરવામાં આવી હતી પરંતુ એમ્બ્યુલન્સમાં આવેલ ડૉકટર દ્વારા આ અમારી ફરજનો ભાગ નથી તેવું જણાવી વાનરને રસ્તા ઉપર જે-તે હાલતમાં મુકી દેવાયો હતો. આમ તો શહેરમાં જીવદયા પ્રેમીઓ દ્વારા અબોલ પશુ પક્ષીઓની મદદ માટે ઘણી સંસ્થા કાર્યરત છે અને બનતા પ્રયત્ને પશુઓની મદદ કરી રહી છે પરંતુ આ ઘટનાને જોતા સરકાર આ કામમાં નિષ્ફળ નીવડી છે તેવું કહી શકાય. સરકાર દ્વારા ચાલતી આ હેલ્પલાઈન યોજના નિષ્ક્રિય હોય તેમ લાગી રહ્યું છે. પશુઓની સલામતી અને સારવાર અંગે સરકાર સામે પ્રશ્નો ઉઠી રહ્યા છે.



# મેડીકલ કોલેજનું નવું શૈક્ષણિક સત્ર ૧લી ઓગષ્ટથી

ગાંધીનગર,તા.૨૮

ગુજરાત રાજય મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત પાટનગરની મેડીકલ કોલેજનું નવું શૈક્ષણિક સત્ર આગામી તા. ૧ ઓગષ્ટના રોજથી પ્રારંભ થશે. અત્યાર સુધી ૧૫૦ મેડીકલ બેઠકવાળી મેડીકલ કોલેજમાં ૫૦ બેઠકનો વધારો કરવામાં આવતા ૨૦૦ બેઠકવાળી મેડીકલ કોલેજ બની ગઈ છે. જીએમઈઆરએસ સંચાલિત હોસ્પિટલમાં વર્ષ ૨૦૧૨ થી મેડીકલ કોલેજ કાર્યરત થઈ છે. છેલ્લા સાત વર્ષના અભ્યાસક્રમમાં અત્યાર સુધી ડોકટરની બે બેચ પણ બહાર પડી ગઈ છે. બિન અનામત આયોગ સહિત કેન્દ્ર સરકાર દ્વારા પણ ગુજરાતની બેઠકોમાં વધારો કરવામાં આવ્યો છે. કુલ બેઠકો વધવાને પગલે જીએમઈઆરએસ હસ્તકની કોલેજમાં પણ બેઠકો વધારવામાં આવી છે. તેવા સંજોગોમાં ગાંધીનગર મેડીકલ કોલેજમાં ૧૭૦ થી ૧૮૦ બેઠકો થતી હતી, પરંતુ આ બેઠકો પ્રમાણે મેડીકલ કાઉન્સિલની માન્યતા મળતી હોતી નથી તેથી ૫૦ બેઠકો વધારો કરવો પડે તેવી સ્થિતિ હતી. જેને પગલે ગાંધીનગરની મેડીકલ કોલેજની સીટ ૫૦ વધી છે અને કુલ ૨૦૦ બેઠક પ્રમાણે આગામી તા.૧ ઓગષ્ટથી નવુ તબિબિ શૈક્ષણિત સત્રનો પ્રારંભ થશે. મેડીકલ કોલેજમાં એડમીશન માટે પ્રથમ અને દ્રિતિય ઓનલાઈન રાઉન્ડ પૂર્ણ થઈ ગયા છે અને આ પ્રમાણે ગાંધીનગરની ૨૦૦ બેઠકો પણ ભરવામાં આવી છે. ત્યારે આગામી ત્રીજો રાઉન્ડ ઓફ લાઈન કરવામાં આવશે. જેમાં કોઈ વિદ્યાર્થીએ એડમીશન લઈને કન્ફર્મ ન કરાવ્યું હોય તેની જગ્યા ખાલી પડશે અને તે મેરીટમાંથી વેઈટીંગના વિદ્યાર્થીની યાદી ઓપરેટ થશે. ગાંધીનગર મેડીકલ કોલેજ વિદ્યાર્થીઓની પણ પ્રથમ પસંદગી હોય છે. ત્યારે પાટનગરની મેડીકલ કોલેજમાં પહેલી ઓગસ્ટથી મેડીકલ કોલેજના આઠમાં વર્ષની શરુઆત થશે.

# સીઆરપીએફના ૮૦મા સ્થાપના દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૮

કેન્દ્રિય અનામત પોલિસ દળ સીઆરપીએફના ૮૦મા સ્થાપના દિવસની ગાંધીનગર યુનિટ ખાતે તા. ૨૭મી જુલાઈના રોજ ધામધૂમથી કરવામાં આવી હતી. આ પ્રસંગે સીઆરપીએફના પોલીસ ઉપમહાનિર્દેશકના માર્ગદર્શન હેઠળ ગૃપ કેન્દ્ર, ૧ ૩૫મી મહિલા બટાલિયન, ગાંધીનગર કમ્પોઝિટ હોસ્પિટલ તથા એનડીઆરએફની ટીમોએ તથા સીઆરપીએફના અધિકારીઓ, જવાનો વગેરેએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સીઆરપીએફના સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે ઉપસ્થિત તમામે દેશમાં સહિષ્ણુતા અને અખંડિતતા જાળવી રાખવાના શપથ ઉઠાવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે હાલની સીઆરપીએફની સ્થાપના વર્ષ ૧૯૩૯માં તા. ૨૭મી જુલાઈના રોજ મધ્યપ્રદેશના નીમચ શહેરમાં ક્રાઉન રીપ્રેઝેન્ટેટીવ પોલીસના નામે કરવામાં આવી હતી. જેને તા. ૨૮મી ડિસેમ્બર ૧૯૪૯ના રોજ કેન્દ્રિય રિઝર્વ પોલિસ ફોર્સ તરીકે નામાભિધાન કરવામાં આવ્યું હતું. જેનું ઉદ્દેશ 'સેવા અને ભકિત' રાખવા સાથે ભારતીય અર્ધ સૈનિકદળના સ્વરૂપે ગઠન કરવામાં આવ્યું હતું.

# મંગળવારે સત્યાગ્રહ છાવણી ખાતે ટાટ પાસ ઉમેદવારો ઉમટી પડશે

ગુજરાત રાજયમાં ટાટ-૧ અને ટાટ-૨ પાસ થયેલા ઉમેદવારોની ભરતી આજદિન સુધી કરાઈ નથી. રાજયના મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને અનેકવાર આવેદન પત્રો આપવા છતા ટાટ પાસ ઉમેદવારોની ભરતી કરાઈ નથી. ત્યારે આગામી તા.૩૦ જુલાઈને મંગળવારના રોજ સમગ્ર ગુજરાતમાંથી ટાટ પાસ ઉમેદવારો ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ઉમટી પડશે અને ઉપવાસ આંદોલન તેમજ ધરણા કાર્યક્રમ યોજશે અને તંત્ર દ્વારા જયાં સુધી લેખિત જવાબ નહી મળે ત્યાં સુધી આંદોલન શરુ રહેશે.

ટાટ પાસ ઉમેદવારોની ભરતી પ્રક્રિયા ઝડપથી અને ક્રમબધ્ધ કરવામાં આવે, જેમ કે પહેલા ઉચ્ચતર માધ્યમિક સરકારી પછી ગ્રાન્ટેડ શાળઆમાં અને ત્યારબાદ માધ્મયિક સરકારી અને પછી ગ્રાન્ટેડ શાળાઓમાં જેથી કરીને દરેક ટાટ પાસ ઉમેદવારોને રોજગારી મળી રહે. જાન્યુઆરી-૨૦૧૮માં ડે.મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ દ્વારા ૬૮૫૦ ખાલી જગ્યાઓ મંજુર થઈ છે. ત્યારબાદ અન્ય જગ્યાઓ પણ ખાલી જગ્યાઓ પડી હશે જેથી કરીને શિક્ષકોની ભરતી મોટીસંખ્યામાં કરવામાં આવે, ટાટ-૧ અને ટાટ-૨ ઉમેદવારોની ભરતી વહેલી તકે શરુ કરવામાં આવે તેમ ઉમેદવારો ઈચ્છી રહ્યા છે. ટાટ પાસ ઉમેદવારો બેરોજગારીથી કંટાળી ગયા છે. ટાટ પાસ ઉમેદવારો ભરતી માટે અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરીને કંટાળી ગયા છે. ત્યારે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આગામી તા.૩૦ ને મંગળવારના રોજ રાજયભરમાંથી હજ્જારો ટાટ પાસ ઉમેદવારો ઉમટી પડશે. સત્યાગ્રહ છાવણી ખાતે ઉમેદવારોને ભરતી પ્રક્રિયાને લઈ લેખિત આપવામાં નહી આવે ત્યાં સુધી ઉમેદવારો આંદોલન યથાવત રાખશે.

# 'હું માંગુ અને તું આપે તે વાત મને મંજૂર નથી'

## ગુજરાત વિધાનસભાના ૧૨ અધ્યક્ષના અંગત સચિવ તરીકે ૩૩ વર્ષથી વધુ સેવા આપી ચુકેલા દિનેશભાઈ વ્યાસ 'સેવાનુરાગી' બની માનવતાની મહેંક પ્રસરાવી રહ્યા છે : નિરાધાર વડિલો માટે વાનપ્રસ્થાશ્રમથી માંડી અન્નપૂર્ણા ધામ થકી માણસાને બીજુ 'વીરપુર' બનાવવાની તેમની નેમ છે




ગાંધીનગર, તા.૨૮

ગુજરાત વિધાનસભા ગૃહમાં તા. ૨૭મી જુલાઈ ૨૦૧૯ના રોજ ૧૨ કલાક અને ૦૮ મિનિટથી વધુ સમય લાંબી ચાલેલી બેઠકના સંસદીય ઈતિહાસની સૌથી વિરલ ઘટના નોંધાઈ છે. જેમ વિધાનસભા ગૃહમાં અધ્યક્ષ સર્વોપરી હોય છે અને તેમનું સ્થાન ખૂબ જ મહત્વનું ગણાય છે તે જ રીતે અધ્યક્ષના અંગત સચિવનું કાર્ય પણ ખૂબ જવાબદારી સાથેનું હોય છે આ જવાબદારી મૂળ માણસાના વતની અને હાલ ગાંધીનગર સ્થાયી થયેલા દિનેશભાઈ વ્યાસે સળંગ ૧૨ અધ્યક્ષ સાથે કાર્ય કરીને ૩૩ વર્ષ સુધી નિભાવી હતી તે પણ એક વિરલ ઘટના સમાન છે. આગામી તા. ૩૧મી જુલાઈએ પોતાનો ૫૮મો જન્મદિન ઉજવવા જઈ રહેલા દિનેશભાઈ વ્યાસે આમ તો દરેક અધ્યક્ષ પાસેથી સારા ગુણો ગ્રહણ કર્યા છે પરંતુ પૂર્વ અધ્યક્ષ સ્વ. ધીરુભાઈ શાહથી તો તેઓ એટલા પ્રભાવિત થયા કે સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ 'સેવાનુરાગી' બની ચુકયા છે અને તેમની સેવાની મહેંક સમગ્ર જિલ્લામાં પ્રસરી નિરાધાર વડિલોથી માંડીને અબોલ જીવો માટે મદદની સરવાણી બની ઘેઘુર વડલા સમાન છાયા પુરી પાડી રહી છે.

માણસાના એસટી ડ્રાયવર કાન્તિલાલ વ્યાસ અને ગૃહિણી તારાબાના બે દિકરા અને બે દિકરી એમ ચાર સંતાનોમાં સૌથી નાના પુત્ર એવા દિનેશભાઈ વ્યાસ પોતાના દ્રઢ મનોબળ અને શ્રધ્ધાને સહારે કોલેજ અભ્યાસ સાથે શરૂ કરેલી સરકારી નોકરીમાં વિધાનસભાના અધ્યક્ષના અંગત સચિવ સુધી પહોંચી શકયા અને ૩૩ વર્ષ સુધી એક જ પોસ્ટ પર પણ ટકી શકયા હતા. નાનપણમાં જ બિમારીના કારણે મોટભાઈનો સાથ ગુમાવનાર દિનેશભાઈએ કોલેજકાળ દરમિયાન જ પરિવારને મદદરૂપ થવાનો નિર્ધાર કર્યો અને પ્રથમ ઈન્ટરવ્યુમાં જ જિલ્લા વન અધિકારીના અંગત મદદનીશ તરીકે હિંમતનગર પોસ્ટીંગ મેળવી લીધું હતું. જો કે આ નોકરીના કારણે તેમનો કોલેજનો અભ્યાસ અધૂરો રહી ગયો હતો તે તેમણે વર્ષો પછી સ્વ ધીરૂભાઈના પત્નિથી પ્રેરણાથી પુરો કરી બીએ વીથ ઈકોનોમિકસની ડિગ્રી પણ હાંસલ કરી હતી. વતન માણસા પ્રત્યેના લગાવને પગલે પોતાની નોકરી સાથે વારંવાર પાંજરાપોળ અને ધાર્મિક સ્થાનોમાં સેવા આપનાર દિનેશભાઈએ જયારે પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષ હતા ત્યારે તેમને મળવા આવેલા વેટરનરી તબીબોના એસોસિએશન સાથે તક ઝડપી મુલાકાત કરી પોતાના ગામમાં તે સમયમાં ૩૨૦૦ ગાયો માટેનો હેલ્થ ચેકઅપ કેમ્પ આયોજિત કર્યો હતો. આ કેમ્પમાં ૮ ગાયોના તો સ્થળ પર જ ઓપરેશન કરાયા હતા તેમજ તમામ ગાયોને કૃમિનાશક દવાની ગોળી બુંદીના લાડુ સાથે ખવડાવવામાં આવી હતી.

દિનેશભાઈ વ્યાસ જેમનાથી પ્રભાવિત છે તે ધીરુભાઈ શાહ તેમની દિકરીના લગ્ન પ્રસંગે વિદાય સમયે આઘાતથી કોમામાં સરી પડયા તે ઘટનાએ દિનેશભાઈને અંદરથી હચમચાવી દીધા હતા. આ સમયે તેમને પ્રતિત થયું કે જીંદગીનો કોઈ ભરોસો નથી તેથી શકય હોય તેટલાં પુણ્ય કાર્યો કરી લેવા જોઈએ. આ પછી તેમણે નિર્ણય કર્યો કે તેઓ પોતાના પગારની બચતમાંથી નાનું મોટું એક મકાન લઈને ૩-૪ નિરાધાર વડિલોને રાખી નિભવશે પરંતુ કુદરતે કંઈક જુદું જ નિર્માણ કર્યું હતું. સ્વ. ધીરુભાના ગુરૂ સમાન કચ્છના મોમાઈમોરાથી સંત જગદીશગીરી બાપુ ખબર કાઢવા આવ્યા હતા તેમની સમક્ષ આ વાત કરતા તેમણે કહ્યું કે 'દિનેશભાઈ તમારાથી નાનું કામ નહીં થાય પરંતુ ખૂબ મોટા કાર્યો થશે.' આ એ જ સંત છે જેમણે આજે દિનેશભાઈએ માણસા ખાતે ઊભા કરેલા વાનપ્રસ્થાશ્રમની ભૂમિનું દાન આપ્યું છે. ભૂમિદાન મળ્યા બાદ અમદાવાદમાં ફાર્મા ક્ષેત્રે બીઝનેસ કરતા માણસાના અશ્વિનભાઈ શાહે આ વાનપ્રસ્થાશ્રમ ઉભો કરવા દિનેશભાઈને દાન આપ્યું અને તેમના માતૃશ્રીના નામ પરથી જ વાનપ્રસ્થાશ્રમનું નામ અપાયું 'આનંદી માંનો વડલો.' હજુ સંસ્થા ઉભી થઈ નહોતી ત્યારે તે સ્થળે દર રવિવારે દિનેશભાઈ સહિત માણસાના જલારામ ભકતો એકઠાં થઈને ખિચડી પ્રસાદ કરતા હતા. આ દરમિયાન દિનેશભાઈએ નિશ્ચય કરેલો હતો કે તેઓ કયારેય કોઈની પાસે સામેથી દાન નહીં માંગે, જેથી કોઈ બિનજરૂરી શેહ શરમમાં ના મુકાય.





બૃહદ મુંબઈ રાજયમાંથી ગુજરાત છુટું પડયું ત્યારે કાર્યરત સરકારી કર્મચારી રહેલા છબીલદાસ પરીખ જેઓ 'સરદાર પટેલ'ના પીએ તરીકે કામ કરી ચુકયા હતા તેમની ૮૩ વર્ષની વયોવૃધ્ધ ઉંમરે ગાંધીનગરના સે-૭માં એક ફલેટમાં રહેતા હતા જેમણે પત્ર લખીને દિનેશભાઈને ઘરે બોલાવ્યા અને કહ્યું કે 'તમે માંગો જે માંગવુ હોય તે.' પરંતુ દિનેશભાઈ પોતાના નહીં માંગવાના નિશ્ચયને વળગી રહેતા તેમણે રૂ. ૨૦ હજારનો ચેક આપ્યો હતો અને ત્યારબાદ ટુકડે ટુકડે કરીને કુલ રૂ. ૮ લાખનું માતબર દાન આપ્યું હતું જે વાનપ્રસ્થાશ્રમ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થયું. વર્ષ ૨૦૧૧માં જયારે વાનપ્રસ્થાશ્રમ શરૂ થયો ત્યારે આ છબીલદાસ પરીખ તેમના પત્નિ સાથે રહેવા આવેલા પ્રથમ આશ્રિત વડિલ હતા જેમનું અવસાન પણ ત્યાં જ થયું અને તેમની અંતેષ્ઠિ દિનેશભાઈ તથા મિત્રોએ કરી હતી. આજે તેમના પત્નિ ઈન્દુબા આ વાનપ્રસ્થાશ્રમમાં અન્ય વડિલો સાથે જીંદગી વ્યતીત કરી રહ્યા છે.

દિનેશભાઈએ પોતાના સેવા કાર્યો માટે સરકારી નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લીધી અને આનંદીમાના વડલા સાથે અન્નપૂર્ણા ધામ તથા પંચદેવ મંદિરની પણ સ્થાપના કરી છે જયાં તેઓ પત્નિ અસ્મિતાબેન સાથે નિયમિત સેવા તથા ધાર્મિક કાર્યની સરવાણી વહાવે છે. એકવાર એક સંતે તેમની ગૌશાળાની ૫-૭ ગાયો માટે ઘાસનું દાન માંગ્યું જે પુરું પાડતા સંતે તેમને એક 'ગોપી' નામની ગાય આપી હતી જેની એક 'લક્ષ્મી' નામની વાછરડી પણ છે અને આ ગાયનું દૂધ વાનપ્રસ્થાશ્રમના વડિલો માટે વપરાય છે. સંસ્થાની બંજર જમીનના ભૂમિ પૂજન વખતે જ આયોજિત સુંદરકાંડના પાઠ દરમિયાન પ્રગટાવેલી અખંડ જયોત અહીં પ્રજવલ્લિત છે. એકવાર સંસ્થાના મેનેજરે ચેતવ્યા કે માત્ર એક સપ્તાહ ચાલે તેટલું જ કરિયાણું અનાજ વધ્યું છે ત્યારે સ્વયંભૂ રીતે સાયલાના દુર્ગાદાસ બાપુએ અચાનક મોકલી આપેલા છ માસ ચાલે તેટલા જથ્થાની ઘટનાને ચમત્કાર માનતા દિનેશભાઈ સ્વૈચ્છિક નિવૃત્તિ બાદ ભાજપાના વર્તમાન પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીના પીએ તરીકે મહેનતાણું લીધા વગર જ સેવા આપે છે. દર માસે ૧૫૦૦ જેટલા દર્દીઓનો આયુર્વેદિક ચેકઅપ કેમ્પ ભોજન સાથે યોજતા દિનેશભાઈનો સેવા મંત્ર એક જ છે...

'હું હાથ મારા ફેલાવું તો
તારી ખુદાઈ દૂર નથી,
હું માંગુ ને તું આપે તે વાત
મને મંજૂર નથી.'

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com

# આજે ગાંધીનગરમાં

● શ્રીજી શ્રી ગોવર્ધનાથજીની હવેલી સે-૨૧ ખાતે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન સફેદ ઘટાના હિંડોળા યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સાંજે ૫.૦૦ થી ૮.૧૫ દરમિયાન બદામ કલાકુંજના હિંડોળા યોજાશે.

● મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો દ્વારા 'મેરી આવાઝ સુનો' નવા જુના સદાબહાર ગીતોનો કાર્યક્રમ રાત્રે ૮ કલાકે સે-૧૨ સ્થિત આંબેડકર હોલ ખાતે યોજાશે.

# મુવી હાઉસ

## આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

- **જજમેન્ટલ હૈ કયા** ૯.૪૫, ૧૨,૪૦, ૩.૦૦, ૫.૩૫, ૮.૧૦, ૧૦.૪૫
- **અર્જુન પટિયાલા** ૯.૧૫, ૫.૦૦, ૧૦.૦૦
- **ધૂનકી (ગુજરાતી)** સાંજે ૬.૧૫ કલાકે
- **ડીયર કોમરેડ (તેલુગુ)** સાંજે ૭.૨૦ કલાકે
- **ઘ લાયન કિંગ** (૨-ડી હિન્દી) સવારે ૧૧.૫૦ કલાકે અને (૩-ડી હિન્દી) ૯.૩૦, ૨.૪૫, ૫.૨૦, ૭.૫૫, ૧૦.૩૦
- **ચાસની** (ગુજરાતી) બપોરે ૨.૧૫ કલાકે
- **સુપર-૩૦** ૯.૨૦, ૧૨.૨૫, ૩.૧૦, ૬.૫૫, ૯.૦૦, ૧૦.૦૦
- **સ્પાઈડર મેન ફાર ફોર્મ હોમ** (૩ડી હિન્દી) બપોરે ૧૨.૧૫ કલાકે
- **આર્ટીકલ ૧૫** સવારે ૧૧.૩૫ કલાકે
- **કબીરસિંહ** ૯.૧૫, ૩.૩૦

## આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

- **જજમેન્ટલ હૈ કયા** ૯.૨૫, ૧૦.૨૫, ૧૧.૫૫, ૨.૩૦, ૩.૫૦, ૫.૦૫, ૭.૪૦ ૯.૧૫, ૧૦.૧૫
- **અર્જુન પટિયાલા** ૧૦.૨૦, ૧૨.૪૫, ૪.૩૫, ૧૦.૨૫
- **ધૂનકી (ગુજરાતી)** સાંજે ૬.૨૫ કલાકે
- **ડીયર કોમરેડ (તેલુગુ)** સાંજે ૭.૦૦ કલાકે
- **ઘ લાયન કિંગ** (૩-ડી હિન્દી) ૯.૧૫, ૧૧.૪૫, ૨.૧૫, ૪.૫૦, ૭.૨૫, ૧૦.૦૦
- **ચાસની** (ગુજરાતી) બપોરે ૧.૦૦ કલાકે
- **સુપર-૩૦** ૧૦.૧૫, ૧.૨૫, ૩.૧૦, ૬.૨૦, ૯.૩૦

# કોસ્ટગાર્ડે કારગીલ વિજય દિવસ ઉજવ્યો

ભારતે કારગીલ યુધ્ધમાં પાકિસ્તાનને શિકસ્ત આપી ઓપરેશન વિજય પાર પાડયું હતું તે ઘટનાને ૨૦ વર્ષ પુરા થયા છે. કારગીલ વિજય દિવસની ઉજવણીના ભાગરૂપે કોસ્ટગાર્ડના ગાંધીનગર



સ્ટેશન દ્વારા ઉજવણી કરાઈ હતી. જે અંતર્ગત સ્વર્ણિમ પાર્ક ફરતે વૉકાથોનનું આયોજન કરાયું હતું. વૉકાથોનમાં કોસ્ટગાર્ડના અંદાજે ૧૦થી વધુ ઓફિસર્સ તથા કર્મચારીઓ ઉપરાંત નાગરિકોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત કારગીલ વિજય સંદર્ભે વકતવ્યનું પણ આયોજન કરાયું હતું.

# ચિરવિદાય

● સ્વ. ચાવડા રમીલાબા પ્રવિણસિંહ, ઉ.વ. ૬૧